**સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૦૫–૦૭–૨૦૨૨ ના રોજ**

**મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–**

:: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૪–૦૬–૨૦૨૨ ના પત્ર નં.સી.મી.સ./૯/૩ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની(કોડ–૫૧) કાર્યપાલક ઈજનેર(સીવીલ)ની હાલમાં ખાલી ૧ જગ્યા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારથી તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર ૫ જગ્યાઓ પૈકી અનુ. જન જાતિ–૧, બિન અનામત–૨, બિન અનામત(મહિલા)–૧ અને આ.ન.વ.–૧ ની જગ્યાઓ મળી કુલ–૬ જગ્યાઓ ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષા યાદી બનાવવાના હેતુસર જાહેરાત આપી નિયત શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીના સંદર્ભમાં આવેલ કુલ–૮૫ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ ઉકત કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) દરખાસ્તના પેરા–૫(૧) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ વેલીડ સીનોપ્સીસના પત્રક–૧ના અનુક્રમ નંબર ૧ થી ૪૩ ના ઉમેદવારો જાહેરાતમાં જણાવ્યા મુજબની નિયત શૈક્ષણિક લાયકાત અને લાયકાત મેળવ્યા બાદ નિયત સમયગાળાનો અને તે પૈકી નિયત સંસ્થામાં નિયત હોદ્દા પરનો માંગ્યા મુજબના સમયગાળાનો અનુભવ ધરાવતા હોવાથી કુલ–૪૩ ઉમેદવારોની અરજી માન્ય ગણી તેઓને તા.૨૦–૦૭–૨૦૨૨ ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના નવી એનેક્ષી બિલ્ડીંગના ત્રીજા માળે આવેલ 'સ્થાયી સમિતિ સભાખંડ' માં 'ખડી સમિતિ' સમક્ષ ઈન્ટરવ્યુ માટે રૂબરૂ હાજર રહેવા જણાવવાનું ઠરાવવામાં આવે છે.

(૨) દરખાસ્તના પેરા–૫(૨) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ ઈનવેલીડ સીનોપ્સીસના પત્રક–૨ ના અનુક્રમ નંબર ૧ થી ૪૨ નાં કુલ–૪૨ ઉમેદવારો પૈકી અનુક્રમ નંબર ૧ થી ૨૨ ના કુલ–૨૨ ઉમેદવારો જાહેરાતમાં જણાવ્યા મુજબની લાયકાત અને/અથવા અનુભવ ધરાવતા ન હોવાના કારણોસર તથા અનુક્રમ નંબર ૨૩ થી ૪૨ ના કુલ–૨૦ ઉમેદવારો ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેલ હોવાના કારણસર ફાઈલમાં સામેલ ઈનવેલીડ સીનોપ્સીસના પત્રક–૨ ના કુલ–૪૨ ઉમેદવારોની અરજીઓ અમાન્ય ગણી દફતરે કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૮/૨૦૨૨ સર્વાનુમતે મંજુર.

==============================

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–

મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૦૭–૨૦૨૨.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”